PHONES:
PATAN : 230808,221347
MOBILE: 9427621777, 9104579531-32
E-mail : dpbros123@gmail.com
Website: dpthakker.com

ESTD DPT 1956

# D.P.THAKKER & CO.
TAX CONSULTANTS
"SHREEKUNJ", STATION ROAD,
PATAN (N.G.) 384265

તારીખ: ૦૧/૧૧/૨૦૨૨

## ઓક્ટોબર-૨૨ ના 3B રીટર્ન ભરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા

ભાઈશ્રી,

ઓક્ટોબર-૨૨ ના 3B રીટર્ન ભરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) GST કાયદા મુજબ સને ૨૦૨૧/૨૨ ના GSTR-3B તથા GSTR-1 માં કોઈ ભૂલ થયેલ હોય અથવા તો નીચે પૈકી કોઈ પણ કારણોસર GSTR-3B તથા GSTR-1 માં ફેરફાર કરવાનો હોય તો ઓક્ટોબર-૨૨ સુધીના GSTR-3B તથા GSTR-1 માં કરી શકાશે.

(૨) સને ૨૦૨૧-૨૨ ની કોઈ ITC માંગવાની રહી ગયેલ હોય અથવા તો CGST & SGST ને બદલે IGST માં ITC માંગેલ હોય. કે તેનાથી ઉલટું થયેલ હોય તો અમને જાણ કરવી જેથી હવે ઓક્ટોબર ના રીટર્ન માં સુધારી લેવાય. આવી ITC ઓનલાઈન- 2A માં હોય તોજ તે મજરે મળી શકે. ઓક્ટોબર -૨૨ ના રીટર્ન પછી આવી કોઈ ITC મજરે માંગી શકાશે નહીં.

(૩) સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં એડ્વોકેટ ને ચૂકવેલ ફી, સિક્યુરીટી સર્વિસ ને આપેલ રકમ, ટ્રાન્સપોર્ટ ભાડું વિગેરે નો RCM ભરેલ ન હોય તો તે ઓક્ટોબર-૨૦૨૨ સુધીના પત્રકમાં બતાવીને ભરી દેવો ખુબજ જરૂરી છે. જો ઓક્ટોબર મહિના પછીના પત્રકમાં ગઈ સાલનો RCM ભરશો તો તેની ક્રેડિટ નહીં મળે.

(૪) સને ૨૦૨૧-૨૨ ના પુરા થયેલ વર્ષમાં વેચાણમાં કોઈ ભુલ હોય એટલે કે વેચાણ બીલ નંબર સુધારવાનો હોય, બીલ ની રકમ સુધારવાની હોય, વેચાણ બતાવવાનું રહી ગયેલ હોય, કે જેનું વેચાણ બતાવેલ હોય તે પાર્ટી નો GST નંબર ખોટો લખાઈ ગયેલ હોય, કે કોઈ બીલ B2B ના બદલે B2CS માં લેવાઈ ગયેલ હોય તો તે ઓક્ટોબર-૨૦૨૨ નું GSTR-1/ GSTR-3B રીટર્ન ભરો તેમાં સુધારી શકાશે. ત્યાર પછી આ ભુલ સુધરી શકશે નહીં.

(૫) સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં તમે ઈસ્યુ કરેલ ક્રેડિટ નોટ - ડેબિટ નોટ કે તમને મળેલ ક્રેડિટ નોટ - ડેબિટ નોટ જે તે મહિનાના પત્રકમાં બતાવવાની બાકી રહી ગયેલ હોય તો ઓક્ટોબર-૨૦૨૨ ના રીટર્ન માં તેની વિગત આપશો, જેથી તે રીટર્ન માં બતાવી શકાય.

લી.

કનુભાઈ-પિયુષભાઈ-નિખિલભાઈ

D.P.THAKKER & CO.